**કડવા પાટીદાર સમાજનું ગૌરવ**

# અરવલ્લીના ડૉ. કવેશભાઈ પટેલનું જિલ્લા પશુપાલન નિયામક તરીકે પ્રમોશન

**બાયડ તાલુકા તેમજ આંબાગામમાં ખુશાલી છવાઈ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧ અરવલ્લી જિલ્લા નાયબ પશુપાલન નિયામક તરીકે ફરજ બજાવતાં બાયડ તાલુકાના આંબાગામના ડૉ. કવેશભાઈ જેશીંગભાઈ પટેલની લાંબા સમયની સેવાઓની કદર કરી રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા તેમને ક્લાસ-૧ નું પ્રમોશન આપી અરવલ્લી જિલ્લા પશુપાલન નિયામક તરીકે નિયુક્ત કરાતા સમસ્ત કડવા પાટીદાર સમાજ, બાયડ તાલુકા તેમજ આંબાગામમાં ખુશાલી છવાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના પશુપાલન વિભાગમાં હંમેશા હકારાત્મક વિચારો સાથે કામ કરવું, કોઈપણ પ્રશ્નનો ઝડપી અને સરળતાથી ઉકેલ લાવવાની બાબતને ગુરુમંત્ર બનાવનાર નાયબ પશુપાલન અધિકારી ડૉ. કવેશભાઈ પટેલ તમામ કર્મચારીઓના પ્રિતિપાત્ર બની રહ્યા છે. તાજેતરમાં જ રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા પશુચિકિત્સક અધિકારીઓની બદલી સાથે બઢતીના હુકમ કરવામાં આવ્યા હતાં જેમાં ડૉ. કવેશભાઈ પટેલને ક્લાસ-૧ અધિકારી તરીકેનું પ્રમોશન આપી અરવલ્લી જિલ્લા પશુપાલન નિયામક તરીકે નિયુક્ત કરાતાં જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહજી



ચૌહાણ, જિલ્લાના સહકારી આગેવાનો, પાટીદાર સમાજના આગેવાન શાંમળભાઈ બી. પટેલ(ચેરમેન, અમુલ ફેડરેશન), અરવલ્લી જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ જિતેન્દ્રભાઈ આર. પટેલ, બાયડ એપીએમસી ચેરમેન, બાબુભાઈ મથુરભાઈ પટેલ, સુભાષભાઈ એન. પટેલ (ડિરેકેટર, સાબરડેર), પાટીદાર સમાજના આગેવાન ડી.એન. પટેલ( હઠીપુરા), બાયડ તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ, મનહરભાઈ કે. પટેલ, આંબાગામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ, જીતેન્દ્રકુમાર કે. પટેલ, ડૉ. રવિન્દ્રભાઈ આર. પટેલ સહિત સમાજના આગેવાનો વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.


# સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ પર જી.પી.વાય.જી. દ્વારા મોડાસામાં ઉજવણી



બાયડ તા.૧ ભારતની અખંડિતતાના પરિશ્રમી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ પર ગાયત્રી પરિવાર યુવા ગૃપ ( જી.પી.વાય.જી.) દ્વારા મોડાસામાં ઉજવણી કરવામાં આવી. મોડાસા ઓધારી લેક પર આવેલ ગાર્ડનમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને યુવાનોએ સાફ સફાઈ કરી પૂજન કરી ફૂલમાળા અર્પણ કરી. આ અવસર પર ગાયત્રી પરિવાર યુવા ગૃપના અરવલ્લી જીલ્લા સંયોજક ભાર્ગવ પ્રજાપતિ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મોડાસા તાલુકા સંયોજક પ્રજ્ઞેશ કંસારા, જનક ઉપાધ્યાય, રવિ પટેલ, હર્ષદ પ્રજાપતિ, દેવાશિષ કંસારા, વિરેન્દ્ર સોની, યશ ભટ્ટ, નિતિન સોની ઉપસ્થિત રહી સરદાર વલ્લભભાઈ પટેલના જીવનને યાદ કરી તેમની પ્રતિમા આગળ રાષ્ટ્રની અખંડિતતા તેમજ તેઓના આદર્શોને જીવનમાં ઉતારવાના સંકલ્પ લેવાયા. ઉલ્લેખનિય છે કે આ યુવાનો રાષ્ટ્રીય ભાવનાની સાથે મોડાસાના વિવિધ વિસ્તારોમાં છેલ્લાં ૧૮ ( અઢાર) રવિવારથી સતત તરુ રોપણ કરીને પર્યાવરણ બચાવનું આદર્શ કામ કરી રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ પર જી.પી.વાય.જી. દ્વારા મોડાસામાં ઉજવણી.

ભારતની અખંડિતતાના પરિશ્રમી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ પર ગાયત્રી પરિવાર યુવા ગૃપ ( જી.પી.વાય.જી.) દ્વારા મોડાસામાં ઉજવણી કરવામાં આવી. મોડાસા ઓધારી લેક પર આવેલ ગાર્ડનમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને યુવાનોએ સાફ સફાઈ કરી પૂજન કરી ફૂલમાળા અર્પણ કરી. આ અવસર પર ગાયત્રી પરિવાર યુવા ગૃપના અરવલ્લી જીલ્લા સંયોજક ભાર્ગવ પ્રજાપતિ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મોડાસા તાલુકા સંયોજક પ્રજ્ઞેશ કંસારા, જનક ઉપાધ્યાય, રવિ પટેલ, હર્ષદ પ્રજાપતિ, દેવાશિષ કંસારા, વિરેન્દ્ર સોની, યશ ભટ્ટ, નિતિન સોની ઉપસ્થિત રહી સરદાર વલ્લભભાઈ પટેલના જીવનને યાદ કરી તેમની પ્રતિમા આગળ રાષ્ટ્રની અખંડિતતા તેમજ તેઓના આદર્શોને જીવનમાં ઉતારવાના સંકલ્પ લેવાયા. ઉલ્લેખનિય છે કે આ યુવાનો રાષ્ટ્રીય ભાવનાની સાથે મોડાસાના વિવિધ વિસ્તારોમાં છેલ્લાં ૧૮ ( અઢાર) રવિવારથી સતત તરુ રોપણ કરીને પર્યાવરણ બચાવનું આદર્શ કામ કરી રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ પર મોડાસાની કોરલ સીટી સોસાયટીમાં ૨૧ તરુરોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.

## જન્મદિને વધામણી



જૈમિન પટેલ
બાયડ

**રક્તદાન મહાદાન**

## પાલનપુર માર્કેટયાર્ડમાં દિવાળી પર્વે આઠ દિવસની મીની વેકેશન જાહેર કરાયુ

પાલનપુર, તા. ૧ પાલનપુરના માર્કેટયાર્ડમાં દિવાળીના તહેવારો નિમિત્તે આઠ દિવસનું મીની વેકેશન જાહેર કરવામાં આવ્યું છે તા.૧ થી ૮ નવેમ્બર સુધીના રજાઓના દિવસો દરમ્યાન માર્કેટયાર્ડ માલ ની લે વેચ અને હરાજી સંપૂર્ણ પણે બંધ રહેશે. પાલનપુર માર્કેટયાર્ડના મજૂરો દિવાળી પર્વે વતન જતા હોય અને વેપારીઓ પોતાની પેઢીઓ બંધ પાળતા હોઈ માર્કેટયાર્ડ દ્વારા દિવાળીના તહેવારને લઈ માર્કેટયાર્ડમાં તા.૧ થી ૮ નવેમ્બર સુધી આઠ દિવસનું મીની વેકેશન જાહેર કરવામાં આવ્યું છે આ રજા ના સમયગાળા માં માર્કેટયાર્ડ માં માલની લે વેચ હરાજી પ્રકિયા સંપૂર્ણ બંધ રહેનાર હોવાનું માર્કેટયાર્ડના સેક્રેટરીએ જણાવ્યું હતું.

# ફ્રેન્ડ્સ ઓફ અરવલ્લી દિવાળીમાં કોરોના દરમિયાન મા-બાપની છત્રછાયામાં અનાથ બાળકોનીને સંયોગ આપ્યો

ભિલોડા, તા.૦૧ અરવલ્લી જિલ્લાના વતની છે જેઓ વર્ષોથી બહાર સરકારી ઉચ્ચ હોદ્દા ધરાવતા ઉદ્યોગપતિ વેપારી હોય તેઓ દ્વારા ફ્રેન્ડ ઓફ અરવલ્લી ગ્રુપ ની રચના કરવામાં આવી જે અરવલ્લીના વિકાસ સાથે જરૂરિયાત મંદોને મદદરૂપ થવા ના આશયથી કરવામાં આવેલા અરવલ્લી ફ્રેન્ડ ગ્રુપ એ કોરોનાકાળ દરમ્યાન માતા-પિતા ની છત્રછાયા ગુમાવનાર બાળકોને સર્વે કરી તેમને શિક્ષણ સહાય આપવાની સાથે ચેક વિતરણ મીઠાઇ વિતરણ સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.




સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીના દિવસે મોડાસા કેળવણી મંડળના હોલમાં અરવલ્લી જિલ્લા કલેકટર ની અધ્યક્ષતા માં ચેક વિતરણ શૈક્ષણિક કીટ વિતરણ વિતરણ દિવાળી દરમિયાન મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં શ્રી ભાગદાસ બાપુ ની રામ વાણી અને ક્ષેત્ર જે.સી.આઈ મિલ્ક કમિટી મોડાસા જાયન્ટ ગ્રુપ સર્વે ના સહયોગથી બાળકોને સ્નેહ મિલન સાથે સહાય આપવામાં આવી. આ કાર્યક્રમમાં પૂર્વ કલેકટર મુખ્યમંત્રી ના સલાહકાર અરવલ્લી જિલ્લાના વતની એ. બી.પંચાલ વેસ્ટ ઈન્ડિઝના પટેલ ફ્રેન્ડ્સ ઓફ અરવલ્લી ના વિજયભાઈ શાહ કાર્યક્રમના સંયોજક બીપીનભાઈ જે ભટ્ટ.જીવદયાપ્રેમી નીલેશ જોશી. બિપિનભાઈ શાહ . મિત્રો હાજર રહ્યા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર ત્રિવેદી.અમરીશે પંડ્યા દ્વારા કરવામાં આવ્યું

# પ્રાંતિજના સલાલ પાસે ચાલુ લક્ઝરી બસમાંથી મહિલા રોડ ઉપર પટકાઈ

**મહિલા લક્ઝરી બસના દરવાજા પાસે ઉભી હોય હાથ લપસી પડતા નીચે પટકાઇ**




પ્રાંતિજ તા.૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ પાસે થી પ્રસાર થઈ રહેલ લકઝરી બસમાંથી એક મહિલા નીચે પટકાતા ૧૦૮ મારફતે મહિલાને સારવાર અર્થે ખસેડવામા આવી. અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના સલાલ પાસે થી ફુલફાસ્ટ હંકારીને જઇ રહેલ RJ12 PA-2396 નંબરની લકઝરી બસમાં આગળના દરવાજા પાસે ઉભી રહેલ મહિલા મીનાબેન હાસિયા મીળા કે જેવો ગાંધીનગરથી પોતાના પતિ



પરિવાર સાથે પોતાના વતન જઈ રહ્યા હતા અને લકઝરી બસ મા વામીટ જેવુ થતા તેવો દરવાજા પાસે આગળ ઉભા હતા અને એક દમ તેવોનો હાથ લપસી પડતા તેવો ચાલુ લકઝરી એ નીચે પટકાયા હતા તો મીનાબેન રોડ ઉપર પટકાતા તેવોને શરીરે હાથે પગે મોઢા ઉપર ઈજાઓ થતા તેવો ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો ધટના ની જાણ પ્રાંતિજ પોલીસ ને થતા પ્રાંતિજ પોલીસ પણ દોડી આવી હતી.

# ધાનેરામાં આવેલ સકસેસ સ્કૂલમાં દીપોત્સવ (દિવાળી પર્વ)ની ઉજવણી કરવામાં આવી





ધાનેરા,તા. ૧ ધાનેરા માં આવેલ સકસેસ સ્કૂલના એમ.ડી હાર્દિક ભાઈ અને આચાર્ય મુકેશ ભાઈના માર્ગદર્શનથી તમામ શિક્ષકગણ દ્વારા સ્કૂલમાં દિવાળીના તહેવાર ઉપક્રમે ચિત્રસ્પર્ધા ,વક્તૃતવ સ્પર્ધા,અને રંગોળી બનાવી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં દરેક બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો બાળકોએ એકબીજાને સ્નેહભેર નૂતન વર્ષાભિનંદનની એડવાન્સમાં શુભકામનાઓ પાઠવી હતી અંતે બાળકો દ્વારા ફટાકડા ફોડીને અનેરો આનંદ માણ્યો હતો અંતે શાળા ના આચાર્ય મુકેશભાઈએ બાળકોને આ પર્વની વિશેષ સમજૂતી આપતા જણાવ્યુ હતુ કે ૧૪ વર્ષના વનવાસ બાદ રામચંદ્ર ભગવાનના આગમન અને રાવણ પરના તેમના વિજયની ઉજવણીનું આ પર્વ છે વધુમાં સંદેશ આપતા કહ્યું કે માનવીની અંદર રહેલા દુર્ગુણો પર સદગુણોના વિજયના પ્રતિકરૂપે દિવા પ્રગટાવી અને જીવનમાં સારી આદતો કેળવી એક શ્રેષ્ઠ જીવન જીવી શકીએ તો દિન દિન દિવાળી છે કાર્યક્રમના અંતે સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા સર્વે શિક્ષકગણ તથા સ્ટાફના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમની ઉમળકા ભેર ઊજવણી થઈ હતી..

# બનાસકાંઠામાં દિવાળી પર્વે રાત્રીના ૮ થી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે

**ચાઈના અને વિદેશી ફટાકડાના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો: પાલનપુરમાં ૩૦ વેપારીએ ફટાકડાના વેચાણ માટે હંગામી લાયસન્સ માંગ્યા**

પાલનપુર,તા. ૧ બનાસકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવારોને લઈ તંત્ર દ્વારા કેટલાક નિયંત્રણ લાગુ કરવામાં આવ્યા છે જેમાં દિવાળી પર્વે રાત્રે ૮ થી ૧૦ બે કલાક જ ફટાકડા ફોડી શકાશે અને દિવાળીના તહેવારોને લઈ લોકોમાં ઉત્સાહ છવાયો છે જેમાં મંદી અને મોંઘવારી થી પર રહી લોકો દિવાળીની ખરીદી તરફ વળતા બજારોમાં પણ તેજી નો માહોલ જામતા વેપારીઓમાં ખુશીનો માહોલ જામ્યો છે દિવાળી પર્વે કાયદો અને વ્યવસ્થા અને પ્રદુષણ પર અંકુશ જળવાય રહે તે માટે દીવાળી પર્વે રાત્રીના ૮ થી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડવા ની છુંટ અપાઈ છે અને આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત લોકો સ્વદેશી ફાટકડા નો વપરાશ કરે તે માટે ચાઈના તેમજ વિદેશી ફટાકડા ના વેચાણ અને

**લાયસન્સ વિના ફટાકડાનું વેચાણ કરનાર વેપારી સામે ગુનો દાખલ કરાશે**

દિવાળી પર્વે લાયસન્સ વિના ફટાકડા નું વેચાણ કરવું ગુનો બનતો હોય બનાસકાંઠા જિલ્લામાં કોઈ વેપારી કે વ્યક્તિ લાયસન્સ વિના તેમજ પ્રતિબંધિત ચાઈના કે વિદેશી ફટાકડાનું વેચાણ કરતો પકડાશે તો તેની સામે પોલીસ ફરિયાદ કરવામાં આવશે.

ચાઈના તેમજ વિદેશી ફટાકડા ના વેચાણ અને ઉપયોગ પર કડક પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જોકે જિલ્લા ૧૩ વેપારીઓ ફટાકડા ના વેચાણ ના કાયમી લાયસન્સ ધરાવે છે જ્યારે પાલનપુરમાં દિવાળી પર્વે ફટાકડાના વેચાણ માટે ૩૦ વેપારીએ હંગામી લાયસન્સની માંગણી કરી છે.

બનાસકાંઠા જિલ્લામાં ગત વર્ષે કોરોના સંકટ ને લઈ દિવાળીના તહેવારોમા ફિકાસ જોવા મળી હતી જ્યારે આ વર્ષે કોરોના અંકુશમાં હોઈ વપરાશ પર કડક પ્રતિબંધ મુકવામાં આવ્યો છે બનાસકાંઠા જિલ્લામાં હાલ ૧૩ જેટલા કાયમી ફટાકડા ના લાયસન્સ ધરાવતા વેપારીઓ એ ફટાકડા નું વેચાણ શરૂ કરી દીધું છે જ્યારે દિવાળી પર્વે પાલનપુર ફટાકડા નું વેચાણ કરવા ૩૦ જેટલા વેપારીએ હંગામી લાયસન્સ મેળવવા અરજી કરી છે જેમને મામલતદાર તેમજ પોલીસનો અભિપ્રાય મેળવ્યા બાદ લાયસન્સ ઈશ્યુ કરવામાં આવશે.

# બનાસબેંકની ચૂંટણીમાં સાત ઉમેદવારી પત્રો પરત ખેંચાયા

**બેંકના નિયામક મંડળની ૧૯ બેઠક માટે કુલ ૮૯ ઉમેદવારી પત્રો ભરાયા હતા : બનાસબેંકની ૧૯ બેઠકમાંથી ૬ બેઠકો બિન હરીફ થઈ છે**

પાલનપુર, તા. ૧ બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નિયામક મંડળના ૧૯ સભ્યોની ચૂંટણીમા કુલ ૮૯ ઉમેદવારી પત્રો ભરાયા છે જેમાં ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયામાં અત્યાર સુધી સાત ઉમેદવારો એ પોતાની ઉમેદવારી પરત ખેંચી છે જેને લઈ હાલ ૮૨ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

બનાસકાંઠાની બનાસબેંકના વર્તમાન નિયામક મંડળના સભ્યોની મુદત પૂર્ણ થતાં નવા નિયામક મંડળની ૧૯ સભ્યોની નિયુક્તિ માટે ૧૨ નવેમ્બરના ચૂંટણી જાહેર કરાઈ છે જેમાં ૧૯ બેઠક માટે ૮૯ ઉમેદવારી પત્રો ભરાયા છે જેમાં ફોમ પરત ખેંચવાની પ્રકિયા માં અત્યાર સુધીમાં સેવા સહકારી મંડળી વિભાગમાં લાખણીમાં એક, સુઈગામમાં બે અને ધાનેરામાં એક તેમજ ઈતર મંડળીમાં કકરેજમાં બે અને દૂધ ઉત્પાદન મંડળી વિભાગમાં એક મળી કુલ સાત ઉમેદવારો એ પોતાની ઉમેદવારી પરત ખેંચતા હાલ ૮૨ ઉમેદવારો ચૂંટણી મેદાનના રહ્યા છે જોકે આગામી ૨ નવેમ્બર સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચવાની મુદત હોઈ અને બનાસબેંકના નિયામક મંડળને બિન હરીફ કરવાના પ્રયાસ ચાલતા હોઈ આગામી સમયમાં વધુ ઉમેદવારો પોતાની ઉમેદવારી પરત ખેંચી લેશે તેવું ચર્ચાય રહ્યું છે.

# ઈડર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ આયોજિત વિશિષ્ટ બહુમાન કાર્યક્રમ યોજાયો

હિંમતનગર,તા. ૧ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના તમામ ખાતાના નિવૃત્ત કર્મચારીઓનું રજીસ્ટ્રેશન મંડળના પ્રમુખ ચતુરસિંહ માધુસિંહ ચૌહણ (બોલુન્દ્રા) ના નેતૃત્વમાં ભદ્રેસર મુકામે નિવૃત્ત નાયબ કલેકટર માધુભાઇ એન. દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઇ ગયું.

આ મંડળમાં સિનિયર સીટીઝન ભાઇ-બહેનો જે ઘરથી બહાર ન નિકળી શકતા હોય અને અશક્ત અવસ્થામાં હોય તેઓના પેન્શન પગારપંચની વિસંગતતા તિજોરીમાં કેટલાક અડવાયેલ પ્રશ્નો પેન્શન અંગેની માહિતી પોતાના પરિવારને અપાવી વિગેરે નું કાર્યકરી રહી છે. ત્યારે દરવર્ષની જેમ તાજેતરમાં નિવૃત્ત કર્મચારીઓનો વિશિષ્ટ સન્માન કાર્યક્રમ ભદ્રેસર મુકામે યાજાયો હતો.

આ સંમેલનમાં મહામંત્રી ભોળાભારથી ગોસ્વામી વસંતલાલ સોની, કાસમભાઇ મનસુરી, ધુળાભાઇ વણકર, ચંદુભાઇ ઉપાધ્યાય, મનુભાઈ જે. દેસાઈ, દલપતસિંહ ચૌહણ, રમણભાઇ વણકર, ચલજીભાઈએન. દેસાઇ, કોદરભાઈએ. પટેલે આયોજન કર્યુ હતું.

જેમાં વિશિષ્ટ બહુમાન જે.ટી. ચૌહાણ, કિરણભાઈ પટેલ, પ્રફુલભાઈ એમ. દેસાઈ, કિરણભાઈ પટેલ, મનહરભાઈ પટેલ વિગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું અને યજમાના સંસ્થા ભદ્રસરના કર્મચારીઓ/ ડુંગરીગામના કર્મચારીઓનું સન્માન કર્યુ.